* A A U - 0 0 9 - 0 0 1 2 2 7 *

**AAU-009-001227** Seat No. ________

# B. R. S. (Sem. II) (CBCS) Examination

**April / May - 2016**

## Health Science : Paper - ELT - 232

*(Elective - 7) (New Course)*

**Faculty Code : 009**

**Subject Code : 001227**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** પ્રશ્ન - ૧ M.C.Q.ના જવાબ ઉત્તરવહીમાં આપવના રહેશે.

૧ M.C.Q. : ૨૦

(૧) સૌથી સસ્તી, સરળ અને સુલભ ચિકિત્સા પદ્ધતિ કઇ છે ?

(A) આયુર્વેદ (B) એલોપેથી

(C) નેચરોપેથી (D) હોમિયોપેથી

(૨) કુદરતી ઉપચારમાં પૃથ્વીતત્ત્વના પ્રતિનિધિ તરીકે કોને ગ્રહણ કરવામાં આવે છે ?

(A) વાયુ (B) આકાશ

(C) પાણી (D) માટી

(૩) પ્રારંભમાં કઇ ચિકિત્સાને પ્રાકૃતિક ચિકિત્સા કહેવામાં આવતી ?

(A) સૂર્યસ્નાનને (B) ઉપવાસને

(C) જલચિકિત્સા પ્રણાલીને (D) માટીની ચિકિત્સાને

(૪) પડવા-વાગવા કે મૂઢમાર અને મચકોડ વખતે દુખાવો થાય તો તરત શું કરવું યોગ્ય છે ?

(A) તેલ ઘસવું (B) બરફ ઘસવો

(C) હળદરનો લેપ કરવો (D) ગરમ પાણીથી શેકવું

(૫) રોગકારક સજીવોના શરીરમાં પ્રવેશની સામે પ્રતિકાર કરવા માટે કયા કણોની સંખ્યામાં તીવ્ર વધારો થાય છે ?

(A) ત્રાકકણો (B) રક્તકણો

(C) શ્વેતકણો (D) હરિતકણો

(૬) સૂર્યના કયા કિરણોમાં વિષાણુને નાશ કરવાની શક્તિ રહેલ છે ?

(A) સફેદ કિરણો (B) પારજાંબલી કિરણો

(C) ગુલાબી કિરણો (D) ઈન્ફ્રારેડ કિરણો

(૭) પ્રતિકારતંત્રના કોષોની ઉત્પત્તિ શેમાંથી થાય છે ?

(A) યકૃતમાંથી (B) બરોળમાંથી

(C) થાઈરોડ ગ્રંથીમાંથી (D) અસ્થિમજ્જામાંથી

(૮) નીચેનામાંથી કયું દ્રવ્ય એન્ટીજન તરીકે વર્તે છે ?

(A) વાયરસ (B) બેક્ટેરીયા

(C) પરાગરજ (D) આપેલ તમામ

(૯) એન્ટીબોડીઝને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) ફેગોસાઈટ્સ (B) ઈમ્યુનોગ્લોબ્યુલિન્સ

(C) મેક્રોફેઝ (D) મોનોસાઈટ્સ

(૧૦) ઈજાગ્રસ્ત રક્તવાહિનીઓમાંથી વહી જતા રક્તને રોકવામાં રુધિરના કયા કણો મદદરૂપ થાય છે ?

(A) રક્તકણો (B) શ્વેતકણો

(C) ત્રાકકણો (D) એક પણ નહીં

(૧૧) ફેફસામાંથી ઓક્સિજન લઈ શરીરના દરેક કોષો સુધી પહોંચાડવાનું કાર્ય કોણ કરે છે ?

(A) ત્રાકકણો (B) રક્તકણો

(C) શ્વેતકણો (D) રુધિરરસ

(૧૨) અછબડા સામે રક્ષણ મેળવવા માટે કઈ રસી મુકવામાં આવે છે ?

(A) ઓ.પી.વી. (B) ડી.પી.ટી.

(C) વેરીસેલા વેક્સિન (D) એમ.એમ.આર.

(૧૩) શીતળાની રસીની શોધ કોણે કરી હતી ?

(A) એલેકઝાન્ડર (B) કાલ્મેટ ગ્યુરીન

(C) એડવર્ડ જેનર (D) લૂઈ પાશ્ચર

(૧૪) ઝેરી કમળાની રસી કયારે મુકાવવી વધુ યોગ્ય છે ?

(A) ૧.૫ માસની ઉંમરે (B) જન્મબાદ તરત

(C) ૬ માસની ઉંમરે (D) એક વર્ષની ઉંમરે

(૧૫) ઇ.એન.ટી. સર્જન એટલે કયા રોગના નિષ્ણાત ડૉક્ટર ?

(A) આંખ, નાક અને કાનના રોગના

(B) કાન, આંખ અને ગળાના રોગના

(C) કાન, નાક અને ગળાના રોગના

(D) મગજ અને જ્ઞાન તંતુના રોગના

(૧૬) ઓન્કોફિઝિશિયન એટલે કયા રોગના નિષ્ણાત ડૉક્ટર છે ?

(A) કેન્સરના નિષ્ણાત સર્જન

(B) કેન્સરના નિદાન અને સારવારના નિષ્ણાત

(C) મુત્રમાર્ગના રોગના નિષ્ણાત

(D) પેટના રોગના નિષ્ણાત

(૧૭) બ્લડગ્રુપમાં Rh ફેકટરની શોધ કોણે કરી ?

(A) કાર્લ લેન્ડસ્ટેઇનર (B) એલેકઝાન્ડર વાઇનર

(C) વિલીયમ રોન્ટજન (D) (A) અને (B) બન્ને

(૧૮) ચક્ષુદાન દ્વારા મેળવેલી આંખમાંથી કયો ભાગ લઇ ઓપરેશન દ્વારા અન્ય આંખમાં બેસાડવામાં આવે છે ?

(A) લેન્સ (B) નેત્રપટલ

(C) કોર્નિયા (D) શ્વેતપટલ

(૧૯) શરીરનું સામાન્ય તાપમાન કેટલા અંશ ફેરનહીટ હોય છે ?

(A) $89.6^{o}$ F (B) $96.8^{o}$ F

(C) $37^{o}$ F (D) $98.6^{o}$ F

(૨૦) ભુખ્યા પેટે લોહીમાં સુગરનું પ્રમાણ કેટલું હોય તો તે નોર્મલ છે ?

(A) 80-120 mg% (B) 120-150 mg%

(C) 50-60 mg% (D) 150-200 mg%

૨ નિસર્ગોપચાર એટલે શું ? નિસર્ગોપચારની વિશેષતાઓ લખી સૂર્યસ્નાનનું મહત્ત્વ સમજાવો. ૧૦

૩ વિવિધ રોગપ્રતિકારક રસીઓ વિશે ટૂંકમાં સમજણ આપો. ૧૦

**અથવા**

૩ એન્ટીજન અને એન્ટીબોડીઝ એટલે શું ? જન્મજાત પ્રતિકારકતા વિશે વિસ્તૃત સમજણ આપો. ૧૦

૪ બ્લડ બૅન્કની કાર્ય પદ્ધતિ અને બ્લડ ડોનેશન વિશે વિસ્તૃત સમજણ આપો. ૧૦

**અથવા**

૪ બાયોપ્સી એટલે શું ? બાયોપ્સીના પ્રકાર અને બાયોપ્સીનું મહત્ત્વ સમજાવો. ૧૦

૫ ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે) ૧૦

(૧) બ્લડગ્રુપ

(૨) ચક્ષુદાન

(૩) થેલેસીમિયા મેજર.

૬ ડૉક્ટરની અલગ-અલગ ડિગ્રીની સમજણ આપી કોઈ પણ પાંચ નિષ્ણાત ડૉક્ટરોની ડિગ્રી અને તેનાં કાર્યો વિશે સમજણ આપો. ૧૦